આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ સંસારમાં ઉદ્યમ સિવાય કોઇ મિત્ર નથી અને આળસ સિવાય કોઇ શત્રુ નથી
• પંચતંત્ર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૬૮ | ૧૯ મે, ૨૦૧૩, રવિવાર; વૈશાખ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગર સમાચાર

# ભોળાભાઈ પટેલ બી.બી.એ. કોલેજમાં જોબ ફેર યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન દ્વારા તાજેતરમાં જોબ ફેરનું અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું હતું. જોબફેરમાં કોલેજના ૨૫૦ વિદ્યાર્થીઓએ અલગ અલગ કંપનીઓમાં કેમ્પસ ઈન્ટરવ્યૂ આપ્યા હતા અને ખૂબ ઊંચા પેકેજ સાથે નોકરી મેળવી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર અત્રેની બી.બી.એ કોલેજ દ્વારા 'જોબ ફેર'નું આયોજન થયું હતું. આજના હરીફાઈના યુગમાં 'નોકરી નથી મળતી' એવું કહેનારા માટે બી.બી.એ. કોલેજ દ્વારા એક ઉમદા ઉદાહરણ પુરૂ પડાયું હતું. આ કોલેજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે છેલ્લા ૧૫ વર્ષથી સતત અને સતત



પ્રયત્નો કરતી આવી છે. તેમજ ગુજરાતની આ એક માત્ર બી.બી.એ. કોલેજ છે જેમાં દરેક વિદ્યાર્થી ખૂબ ઊંચા પેકેજ સાથે કોર્પોરેટ ક્ષેત્રમાં નોકરી મેળવે છે. તદ્ઉપરાંત ઘણા બધા વિદ્યાર્થીઓએ પોતાના સ્વતંત્ર બિઝનેસ અને ઉદ્યોગની સ્થાપના કરી છે.

જોબ ફેરમાં ઘણી નામાંકિત કંપનીઓ જેવી કે એન્નેટ ટેક્નોલોજીસ, મેક્સ લાઈફ ઈન્સ્યૂરન્સ, રૂપ પ્લેનેટ પેટલ, કેર ઓફિસ ઈક્વીપમેન્ટ લિ.,



ટી.સી.એસ., ગ્રીન ફિલ્ડ કંટ્રોલ પ્રા.લિ. વગેરે કંપનીઓ કોલેજમાં આવી કેમ્પસ ઈન્ટરવ્યૂ ગોઠવ્યા હતા. જોબ ફેરમાં બી.બી.એ.ના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક અલગઅલગ કંપનીઓમાં ઈન્ટરવ્યૂ આપ્યા હતા. આજની સફળતા બાદ ઘણી નામાંકિત કંપનીઓ દ્વારા કોલેજનો સંપર્ક કરવામાં આવ્યો છે. આ તમામ કંપનીને ભવિષ્યમાં યોજાનાર જોબ ફેરમાં આમંત્રિત કરવામાં આવશે એમ કોલેજનાં પ્રિન્સિપાલ દ્વારા જણાવાયું છે.

સમગ્ર જોબ ફેરને સફળ બનાવવામાં કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ. રમાકાન્ત પ્રસ્ટી, ડૉ. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્ર રાઠોડ અને આશિષ ભુવાએ ખુબ જહેમત ઉઠાવી હતી તેમજ કોલેજનાં પ્રધ્યાપકો અને ઓફીસ સ્ટાફ દ્વારા 'જોબ ફેર' માટે અલગ અલગ જવાબદારી નીભાવી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.